પંચાયતોની હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતા
સ્પેશીયલ ઈકોનોમિક ઝોન (સેઝ) વિસ્તારને
ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની
જોગવાઈઓમાંથી બાકાત કરવા બાબત

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
હુકમ ક્રમાંકઃ પરચ/૨૦૦૭/૧૨૦૫/જ,
તારીખઃ 26 APR 2012

વંચાણે લીધા:

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગની ફા.નં.એસઈઝેડ/૧૦૨૦૦૬/૧૭૪૫/જી

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨/૫/૨૦૦૭નો હુકમ ક્રમાંક: એસઈઝેડ/૧૦૨૦૦૭/૧૭૪૫/જી

આમુખ:

ગુજરાત એસ.ઈ.ઝેડ અધિનિયમ, ૨૦૦૪ ની કલમ-૧૧ ની જોગવાઈ મુજબ રાજ્યના પ્રત્યેક સ્પેશીયલ ઈકોનોમિક ઝોન હેઠળ સમાવેશ થતા વિસ્તારને પંચાયતોની હદ વિસ્તારમાંથી CEASE (સ્થગિત) કરવાની જોગવાઈ છે એટલે કે, સેઝ હેઠળ આવતા વિસ્તારોને સંબંધિત કાયદાઓની જોગવાઈઓમાંથી બાકાત રાખવાનો થાય છે. જે બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૧) ની ઉદ્યોગ અને ખાણ વિભાગની ફાઈલ પર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના હુકમથી તે વિભાગના સત્તામંડળોને આપેલ સૂચનાઓના ધોરણે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ પણ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ આવતી સત્તાઓને જરૂરી સૂચનાઓ આપે તે માટે ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે.

સેઝના નિયમો અંગે વિસંગતતા ન થાય તે હેતુથી ગુજરાત એસ.ઈ.ઝેડ અધિનિયમ, ૨૦૦૪ હેઠળ જાહેર થયેલા રાજ્યની પંચાયતોની હદ વિસ્તારોમાં ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની જોગવાઈઓમાંથી બાકાત કરવા રાજ્યની પંચાયતોને સૂચના અને સ્પષ્ટતા કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. આ બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકાર નીચે મુજબનો હુકમ કરે છે.

* હુકમ *

ગુજરાત સ્પેશીયલ ઈકોનોમિક ઝોન અધિનિયમ, ૨૦૦૪ હેઠળ "સેઝ" તરીકે જાહેર

પાછળ......

થયેલા કે ભવિષ્યમાં જાહેર થનારા કોઈપણ વિસ્તારનો, રાજ્યના પંચાયત વિસ્તારો જેવા કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતોની હદ વિસ્તારમાં સમાવેશ થતો હોવા છતાં, તે "સેઝ" વિસ્તારને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની જોગવાઈઓ લાગુ પડશે નહીં.

૨. સદર હુકમનો ચુસ્તપણે અમલ કરવા આથી તમામ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોને આથી આદેશ આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિર્વાણ શાહ )
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

<u>નકલ રવાના પ્રતિ,</u>

* માન.મુ.મંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુ.મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
* સર્વે માન.મંતીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* સચિવાલયના તમામ વિભાગો
* વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
* સર્વે કલેક્ટરશ્રી
* સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તરફ તમામ તાલુકા પંચાયતો તથા ગ્રામ પંચાયતો તરફ પરિપત્રિત કરવાની વિનંતી સહ.
* સચિવશ્રી, પોલીસ આવાસ નિગમ, અમદાવાદ.
* અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગાંધીનગર.
* વિભાગની તમામ શાખાઓ
* શાખા સિલેક્ટ ફાઈલ
* નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ